# ‘શીલ્ડ સિનિયર્સ’ : વૃદ્ધો માટે ડિજિટલી સુરક્ષા કવચ




17 વર્ષીય તેજસ્વી મનોજનું નામ એક અઠવાડિયા પહેલાં ભારતીયો માટે સાવ અજાણ્યું હતું, પણ અમેરિકા જન્મેલી ભારતીય મૂળની તેજસ્વી મનોજનું નામ હાલ આપણે ત્યાં મીડિયામાં ચમકી રહ્યું છે. કારણ છે તેજસ્વી પ્રતિષ્ઠિત ‘ટાઈમ’ મેગેઝિનના 2025 ‘કિડ ઑફ ધ યર’ નામાંકિત થઈ છે. ‘ટાઈમ’ મેગેઝિનમાં ચમકવા માટે અચ્છા-અચ્છા સેલિબ્રિટીઝ ખેવના રાખે છે પરંતુ તેજસ્વી મનોજે પોતાની પ્રતિભાના જોરે માત્ર 17 વર્ષની વયે તે સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેજસ્વી મનોજની સિદ્ધિ એવી છે કે તેણે ‘શીલ્ડ સિનિયર્સ’ નામે એક એપ બનાવી છે. આ એપનું કાર્ય વૃદ્ધોને સુરક્ષા અને સુવિધા પૂરી પાડવાનું છે. જેમ જેમ વિશ્વમાં વિકાસની ગતિ ઝડપી બનતી જાય છે, તેમ વૃદ્ધોની મુશ્કેલી અને અવગણના વધતી રહી છે. તે કારણે વૃદ્ધો સંબંધિત ગુનાઓનું પ્રમાણ અમેરિકામાં વધ્યું છે અને આપણે ત્યાં પણ. આ મુશ્કેલી સામે સુરક્ષા આપવા માટે ‘શીલ્ડ સિનિયર્સ’ નામની એપ તેજસ્વીએ નિર્માણ કરી છે.

તેજસ્વી નાની ઉંમરે આ કરી શકી તેનું એક કારણ તેનાં માતા-પિતા સોફ્ટવેર એન્જિનિયર્સ તરીકે કાર્યરત છે. તેજસ્વી બાળપણથી તેનાં માતા-પિતાને કમ્પ્યુટરમાં કોડિંગ કરતાં જોતી હતી. જોતાં-જોતાં તેને રસ પડ્યો અને તેણે ‘ગર્લ્સ વ્હુ કોડ’ અર્થે કાર્યરત ‘સ્ટેમ’ નામના એક પ્રોગ્રામમાં પ્રવેશ મેળવ્યો. વિધિવત્ રીતે જ્યારે કોડ બનાવવાની પ્રક્રિયામાં તેજસ્વી જોડાઈ ત્યારે તેને વધુ જિજ્ઞાસા થવા માંડી અને આ કામ તેને એટલું ગમ્યું કે કારકિર્દી તરીકે પણ તે સ્વીકાર્યું.

આ રીતે કોડિંગની દુનિયામાં પ્રવેશ મેળવી લીધો, પરંતુ ‘શીલ્ડ સિનિયર્સ’ નામની એપ નિર્માણ કરવા માટે તેજસ્વીના જ પરિવારમાં એવી ઘટના બની જે કારણે તે આ એપ બનાવવા પ્રેરાઈ. ફેબ્રુઆરી-2024માં તેજસ્વીના દાદા ઓનલાઈન સ્કેમનો ભોગ બન્યા. ભોગ બન્યા ત્યારે તેમની પાસે પૈસા માંગવામાં આવ્યા. પરિવાર સોફ્ટવેર એન્જિનિયરનું હતું, તેથી સ્કેમ કરનાર ફાવ્યો નહીં. આ ઘટના પછી તેજસ્વીને વિચાર આવ્યો કે તેમનો પરિવાર તો ટેક્નોલોજીથી માહિતગાર છે તેથી આ બધું કરી શક્યો પરંતુ અન્ય કોઈ સાથે આવું થયું હોત તો સંભવતઃ ઓનલાઈન સ્કેમમાં વધુ એક કેસ ઉમેરાત. અમેરિકામાં પણ ઓનલાઈન ફ્રોડનું પ્રમાણ એટલું છે કે ત્યાં 74 % લોકોને જીવનમાં ક્યારે ને ક્યારે તેનો અનુભવ થયો છે. જાણીતી રિસર્ચ સંસ્થા ‘PEW’એ અમેરિકામાં ઓનલાઈન સ્કેમનો આંકડો 16.6 બિલિયન ડૉલર ગણાવ્યો છે. રૂપિયામાં આ આંકડાને રૂપાંતરિત કરીએ તો તે અબજોમાં પહોંચે છે. પોતાના દાદા સાથે આવું સ્કેમ થતાં જોઈને તેજસ્વી પહેલાં તો નિરાશ થઈ, પણ પછી તેણે પોતાની સ્કીલનો ઉપયોગ કરીને આ સ્કેમ અટકાવવા માટે શું થઈ શકે તે વિચારવા માંડ્યું. જવાબ મળતા ગયા તેમ તેનું કામ આગળ વધતું ગયું. ખબર પડી કે આ પ્રશ્ન તેનાં દાદાની જેમ જૂજ વૃદ્ધોનો નથી, બલકે ખૂબ મોટા સમૂહનો છે અને તેમાં યુવાનો પણ ફસાય છે. આ રીતે તેણે ‘શીલ્ડ સિનિયર્સ’ની પહેલ કરી. આ એપ દ્વારા માત્ર વૃદ્ધોને સ્કેમ, ફ્રોડ કે સાઈબર સિક્યુરિટી આપવાનો આશય નથી; બલકે તેઓને ડિજિટલ દુનિયાથી માહિતગાર પણ કરવાનો છે. તેજસ્વીએ કરેલા રિસર્ચ મુજબ અમેરિકાના 75 % સિનિયર સિટિઝન્સ ડિજિટલની સામાન્ય સુરક્ષા વિશે પણ જાણતા નથી.

તેજસ્વીને એપ માટે જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને તેનું નામ થયું છે - તેનું કારણ કે આ પ્રકારની એપની આવશ્યકતા ઘણા વખતથી જોવાતી હતી. અત્યારે તેજસ્વીની વેબસાઈટ ‘શીલ્ડ સિનિયર્સ’ પ્રાઈવેટ પ્રિવ્યૂ મોડ પર ચાલી રહી છે. હાલમાં આ વેબસાઈટ સાઠ વર્ષથી વધુ ઉંમર ધરાવનારાઓ માટે ઓનલાઈન સ્કેમની જાગ્રતિ પૂરી પાડે છે. કોઈ ખોટા ઈ-મેઈલ આવે તો તેમને ચેતવણી આપે છે અને જ્યારે આ પ્રકારના કોલ કે ઈ-મેઈલ આવે ત્યારે તેઓ ઝડપથી તેની ફરિયાદ નોંધાવી શકે તેવી સગવડ આ એપ અને વેબસાઈટ પર આપવામાં આવી છે. તેજસ્વી મનોજ આટલી નાની ઉંમરે આ બધું વિચારી શકી તેના અન્ય કારણો પણ છે. જેમ કે તે અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી છે. અમેરિકાના સ્કાઉટિંગમાં તે પ્રવૃત્ત સભ્ય છે અને શાળામાં સમયાંતરે વાયોલિનથી સૌને મંત્રમુગ્ધ કરી શકે છે. ભૂતાનના રેફ્યૂજિસને તે ઓનલાઈન ગણિત અને અંગ્રેજી શીખવાડવામાં એક સંસ્થા સાથે સંકળાયેલી છે. એ ઉપરાંત પણ અનેક સંસ્થા સાથે તેજસ્વી જોડાયેલી છે, જે કારણે તેને આ પ્રકારની નેટવર્ક બિલ્ડિંગ કરવાની અને લોકોની સુરક્ષાનો ખ્યાલ આવ્યો.




**વૃદ્ધો માટે વેબસાઇટ અને એપ છે એટલે તેજસ્વીએ તેના ફોન્ટ અને તેની સાઇઝ પણ એવી રાખી છે -જેથી તે કોઇ પણ ઉંમરની વ્યક્તિને વાંચવામાં વધુ સરળતા પડે**

તેજસ્વી મનોજે તેના વેબસાઈટમાં જે ફિચર્સ મૂક્યા છે તેનાથી વૃદ્ધો ઘણું શીખી શકે એમ છે. તેમાં આપેલા વિવિધ વિભાગમાં એક ‘લર્ન’ વિભાગ છે. તેમાં ઉપયોગ કરનારો ઈન્ટરનેટ પર સિક્યુરિટીના તમામ પાસાં જોઈ શકે છે. ઉપરાંત મજબૂત પાસવર્ડ કેવી રીતે ક્રિએટ કરવાનો તેનું પણ માર્ગદર્શન તેમાં આપ્યું છે. મોબાઈલમાં જે કંઈ આવે છે તે શેર કરવાને યોગ્ય હોતું નથી - તેની સમજણ આ વેબસાઈટ દ્વારા મળે છે અને સ્કેમ કેવાં પ્રકારના હોય છે તેની વિસ્તૃત માહિતી તેમાં આપવામાં આવી છે. જેમ કે, અમેરિકામાં હાલમાં ખોટી સામાજિક સંસ્થાઓ નિર્માણ કરીને નાણાં માંગવાની પ્રેક્ટિસ ચાલી છે - તે જાણ કરવાનું કાર્ય ‘શીલ્ડ સિનિયર્સ’નું છે.

**પગરવ**
**★ પ્રશસ્ત પંડયા**

‘શીલ્ડ સિનિયર્સ’ના એપ-વેબસાઈટ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદ લેવામાં આવી છે અને તેમાં કેટલાક ફિચર્સ મેન્યૂઅલ રીતે મૂકવામાં આવ્યા છે. તેમાં એક અન્ય વિભાગ છે : ‘આસ્ક’. મતલબ ‘પૂછવું’. આ વેબસાઈટ-એપ પર આપેલાં ચેટબોટમાં વિષય સંબંધિત કોઈ પણ પ્રશ્ન પૂછીને તેનો ઉત્તર મેળવી શકાય છે. તેજસ્વી આ માટે એક ઉદાહરણ આપે છે - જેમ કે તમે ચેટજીપીટી અથવા જેમીનાઈને સાયબર સિક્યૂરિટી વિશે પ્રશ્ન કરશો તો તે તમને દસ પેરેગ્રાફમાં લાંબોલચક ઉત્તર આપશે. આ ઉત્તરમાં આપેલા બધા શબ્દો અને ટેક્નોલોજી સાથે સૌ કોઈ પરિચિત હોય તે જરૂરી નથી. એટલે અનેક લોકો તે બાબતને યોગ્ય રીતે સમજી શકતા નથી.

‘શીલ્ડ સિનિયર્સ’માં સરળ અને ટૂંકમાં જવાબ મળે છે - અને તેનાથી વૃદ્ધોને ખૂબ ઝડપથી પોતાને જોઈતી હોય તે વિગત મળી જાય છે. બીજો એક વિભાગ છે ‘એનલાઈઝ’નો. આ વિભાગ મજાનો છે. આ વિભાગમાં તમને આવેલો મેસેજ તમે અપલોડ કરો તો તે ફેક છે કે સાચો મેસેજ છે તેનો ઉત્તર તુરંત મળી જાય છે. આ બધું કોઈ પણ વૃદ્ધ ઓછામાં ઓછી ક્લિક અથવા તો થોડા સ્ટેપ સાથે કરી શકે તેનું ધ્યાન તેજસ્વીએ રાખ્યું છે.

વૃદ્ધો માટે વેબસાઈટ અને એપ છે એટલે તેજસ્વીએ તેના ફોન્ટ અને તેની સાઈઝ પણ એવી રાખી છે -જેથી તે કોઈ પણ ઉંમરના વ્યક્તિને વાંચવામાં વધુ સરળતા પડે. હાલમાં જે ડિઝાઈન તેજસ્વીના એપ-વેબસાઈટ પર દેખાય છે - તે માટે અનેક વૃદ્ધોને પ્રયોગ માટે તેણે સાંકળ્યા છે અને ફાઈનલી આ ડિઝાઈન નક્કી કરી છે. અમેરિકામાં 2024માં અમેરિકાની કાયદા-વ્યવસ્થા જાળવનારી સર્વોપરી સંસ્થામાંથી એક ‘FBI’માં ડિજિટલ સ્કેમની 8,60,000 ઘટનાઓ રિપોર્ટ થઈ હતી. આ સ્કેમમાં શિકાર બનનારા ચાળીસ ટકા વૃદ્ધો હતા. ગત્ વર્ષ કરતાં 32% આ પ્રકારના ક્રાઈમમાં વધારો થયો છે અને તેમાં ઘણાં લોકો હજુય રિપોર્ટ કરવા માટે આગળ આવતા નથી.

વિશ્વ આખું ડિજિટલ દુનિયામાં ડાયવર્ટ થયું છે પરંતુ આ દુનિયામાં કોઈ છેતરાય નહીં અને જે તે વ્યક્તિનું કામ સરળતાથી થાય તે દિવસો હજુ દૂર લાગે છે. ડિજિટલ દુનિયામાં છેતરાવવાની શક્યતા સતત રહ્યા કરે છે અને તેને અટકાવવા માટે સરકારની અનેક એજન્સીઓ કામ કરી રહી છે, પરંતુ તેમ છતાં હજુ ડિજિટલ ક્રાઈમ સતત વધી રહ્યા છે. પહેલાંના સમયમાં ઘરફોડ ચોરી માટે ચોર ઘરમાં આવતાં અને લૂંટ કરતા હતા, હવે ઓનલાઈન ફ્રોડ કરનાઓ માટે આ રીતે ઘરે આવવાની જરૂર નથી, બસ તે કોઈ પણ વ્યક્તિને છેતરીને પાસવર્ડ કે અન્ય વિગતો મેળવી લે તો દુનિયાના કોઈ પણ ખૂણે બેસીને અન્ય વ્યક્તિ પાસેથી પૈસા પડાવી શકે છે. તેજસ્વી મનોજે જે પહેલ કરી છે - તેમાં અપાર શક્યતા છે અને આપણા દેશમાં પણ તે પ્રકારની પહેલ થવી જોઈએ.